સાંઢના વધને બંધ કરાવ્યો હતો. મંડોવર, મેડતા આદિમાં પણ અમારિની ઘોષણા કરાવ્યાના ઉલ્લેખો મળે છે. તેઓશ્રી ૪૨ શિષ્યો અને અનેક પ્રશિષ્યો ધરાવતા હતા. સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં સાધુ અને સાહિત્યકાર તરીકે અનેક સિદ્ધિઓ પ્રાપ્ત કરી, પોતાના ગચ્છના જ નહિ, પરંતુ સમગ્ર જૈનસંઘના સર્વશ્રેષ્ઠ સાધુ તરીકે પંકાયા હતા. વૃદ્ધાવસ્થાને લીધે છેલ્લે અમદાવાદમાં સ્થિરતા કરી હતી. અને સં. ૧૭૦૩ના ચૈત્ર સુદ ૧૩ને દિવસે અમદાવાદમાં જ કાળધર્મ પામ્યા હતા. આમ, તેમણે નેવું વર્ષ કરતાં પણ વધુ આયુષ્ય ભોગવી જૈનશાસનની ભવ્ય પ્રભાવના કરી હતી.

શ્રી સમયસુંદરજી મહારાજની સાહિત્યસેવા ચિરંજીવ નીવડે તેવી છે. તેમણે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી આદિ ભાષાઓમાં રચનાઓ કરી છે. વ્યાકરણ, ટીકા, કાવ્યલક્ષણ, છંદ, ન્યાય, જ્યોતિષ, ઇતિહાસ, પ્રબંધ, રાસ, ચોપાઈ, સંવાદ, બાલાવબોધ, ચોવીસી, છત્રીસી, સ્તવન, સજ્ઝાય, ગીત વગેરે રચના કરી છે. તેમાં સંસ્કૃતમાં વીસેક અને ગુજરાતીમાં ત્રીસેક મોટી કૃતિઓ રચી છે; જેમાં ભાવશતક, રૂપકમાલા અવચૂરિ, કાલિકાચાર્યકથા, સમાચારી કથા, વિશેષશતક, દશવૈકાલિક ટીકા આદિ સંસ્કૃત ગ્રંથો છે; તો ચાર પ્રત્યેક બુદ્ધ રાસ, મૃગાવતી રાસ, પુણ્યસાર રાસ, વસ્તુપાલ–તેજપાલ રાસ, શત્રુંજય રાસ, બાર વ્રત રાસ આદિ ગુજરાતી રચનાઓ છે. આમાં ૧૦૦–૧૨૫ પંક્તિથી માંડીને ૩૭૦૦ પંક્તિમાં રચાયેલા રાસ છે. ભાષાની મધુરતા, વર્ણનોની તાદૃશતા અને આલેખનની સચોટતાને લીધે તેમનું સાહિત્ય ઉચ્ચ કોટિનું બન્યું છે. પૂજ્યશ્રીએ રચેલાં ગીતોની સંખ્યા પણ હજાર ઉપર થવા જાય છે. એ સર્વ લયમાધુર્ય અને શબ્દસૌંદર્યથી લોકોમાં એવાં તો પ્રચલિત બન્યાં કે કુંભા રાણાનાં સ્થાપત્યો સાથે તેમની લોકોક્તિ પ્રચલિત બની: 'સમયસુંદરનાં ગીતડાં, ભીંતો પરનાં ચીતરાં કે કુંભા રાણાનાં ભીંતડાં.' આ ઉપરાંત, સમયસુંદરે હિન્દી, સિન્ધી અને પંજાબી ભાષામાં પણ કાવ્ય-રચનાઓ કરી છે. તેમનાં કાવ્યો એટલાં કવિત્વપૂર્ણ અને લોકપ્રિય હતાં કે અનેક અનુગામીઓએ એનું અનુકરણ કર્યું. એક અષ્ટાક્ષરીય વાક્યના દસ લાખ બાવીશ હજાર ચારસો સત્યાવીશ અર્થ કરી બતાવીને 'અષ્ટલક્ષી' ગ્રંથથી પોતાની વિદ્વત્તાનો પરિચય કરાવ્યો. એવી અસાધારણ પ્રતિભા ધરાવતા શ્રી સમયસુંદરજી તેજસ્વી સાધુપ્રવર હતા.

('નલ–દવદંતી રાસ'માંથી સાભાર.)

## ખરતરગચ્છીય ગગનમણિ અને સમર્થ વિદ્વદ્વર્ય

# શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ

જ્ઞાન, ક્રિયા અને ધર્મસિદ્ધાંતોનો પુનરુદ્ધાર કરનાર મહાત્માઓ આ ભૂમિનાં ભૂષણરૂપ મનાયા છે. એવા જ એક ઉત્તમ કોટિના સંત–મહાત્મા ખરતરગચ્છીય ગગનમણિ, પંડિતપ્રવર, કવિરત્ન, મહાન તપસ્વી અને સમર્થ સાહિત્યકાર શ્રીમદ્ દેવચંદ્રજી મહારાજ છે. તેમનો જન્મ મારવાડમાં બીકાનેર પાસે ચંગ ગામમાં, ઓસવાલ જ્ઞાતિના લુણિયા ગોત્રમાં થયો હતો.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

ધર્મપ્રેમી પિતા તુલસીદાસને ત્યાં શીલવતી શ્રીમતી ધનબાઈની રત્નકુક્ષિએ સં. ૧૭૪૬માં એક પુત્રે જન્મ લીધો. આ બાળક ગર્ભાવસ્થામાં હતો ત્યારે માતા ધનબાઈ ઉપાધ્યાય શ્રી રાજસાગરજી મહારાજનાં દર્શને ગયા હતા; અને પૂ. ઉપાધ્યાયશ્રીને કહ્યું હતું કે, જો મને પુત્ર અવતરશે, તો તેને આપને વહોરાવીશ. પુત્ર અવતર્યો. દેવે દીધેલા આ પુત્રનું નામ દેવચંદ્ર રાખવામાં આવ્યું. માતા–પિતાના ધર્મસંસ્કારોનો ભવ્ય વારસો અને પવિત્ર વાતાવરણમાં ઊછરતાં બાળકે પૂર્વ ભવથી પુણ્યસંચય કર્યો હશે કે શૈશવકાળમાં જ બાળકને ધર્મ પ્રત્યે અપ્રતિમ પ્રીતિ હતી. બાલ્યાવસ્થામાં જ પાઠ ભણવાની અપૂર્વ ભાવના જાગી. પુત્ર આઠ વર્ષનો થતાં માતા ધનબાઈએ તેને ગુરુમહારાજને વહોરાવ્યો. પૂજ્ય ગુરુદેવશ્રી રાજસાગરજી મહારાજે સં. ૧૭૫૬માં માત્ર દસ વર્ષની કુમળી વયે લઘુ દીક્ષા આપી; અને નવદીક્ષિત શિષ્યને સરસ્વતીમંત્ર આપ્યો. બાલમુનિ શ્રી રાજવિમલજીએ યાને શ્રી દેવચંદ્રજીએ બિલાડા ગામમાં વેણા તટે ભોંયરામાં મંત્રનું આરાધન કરી શારદા માતાની કૃપાદૃષ્ટિ મેળવી. સાથોસાથ પોતાના ગુરુની અનન્ય ભક્તિપૂર્વક સેવા કરવા માંડી. ગુરુદેવ પણ શિષ્યના વિનય, વિવેક અને સેવાથી પ્રસન્ન થયા અને બાલમુનિને શાસ્ત્રો, વ્યાકરણ, જ્યોતિષ, પિંગળ, નાટક, સ્વરોદય, રાજ્યશાસ્ત્ર આદિ વિવિધ શાસ્ત્રોના પારાયણ દ્વારા પ્રકાંડ પંડિત બનાવ્યા. સર્વ શાસ્ત્રપારંગત એવા એ મુનિરાજે સં. ૧૭૬૬માં ૨૦ વર્ષની વયે અને ૧૦ વર્ષના અધ્યયનને અંતે, ધ્યાનનું સંપૂર્ણ સ્વરૂપ આલેખતો 'ધ્યાનદીપિકા' ગ્રંથ અને દ્રવ્યાનુયોગ વિષય પર વ્રજ ભાષામાં 'દ્રવ્યપ્રકાશ' નામનો કાવ્યગ્રંથ રચ્યો. દરમિયાન પૂ. આ. શ્રી જિનચંદ્રસૂરિજી મહારાજે તેમને વડી દીક્ષા આપી હતી. પૂજ્યશ્રી સં. ૧૭૭૬ સુધી મારવાડમાં જ જુદે જુદે સ્થળે વિચરતા રહ્યા અને ત્યાર બાદ ગુજરાતમાં પધાર્યા.

મારવાડમાં વિહાર દરમિયાન તેઓશ્રીના હસ્તે 'આગમસાર' નામનો ભવ્ય ગદ્યગ્રંથ રચાયો; જેમાં ષડ્દ્રવ્ય, નય, નિક્ષેપ, પક્ષ, પ્રમાણ, સપ્તભંગી આદિની ગહન ચર્ચા પ્રાપ્ત થાય છે. સં. ૧૭૭૭માં પાટણ પધાર્યા; ત્યાં શ્રી જ્ઞાનવિમલસૂરિજી સાથે સમાગમ થયો. તેઓશ્રી ખરતરગચ્છના હોવા છતાં તપાગચ્છના મહાન સાધુઓએ તેમની પાસે અભ્યાસ કર્યો હતો. પૂજ્યશ્રીમાં મતમતાંતર અને ભેદભાવ ઓગાળી નાખે એવી વત્સલતા અને મહાનતા હતી. તેથી જ તપાગચ્છના શ્રી જિનવિજયજી, શ્રી ઉત્તમવિજયજી, શ્રી પદ્મવિજયજી આદિ મુનિવરોની કાવ્યરચનાઓમાં ગુરુદેવશ્રી દેવચંદ્રજી મહારાજના ઉલ્લેખો સાદર પ્રાપ્ત થાય છે. ગુજરાતમાં પધારી, તેઓશ્રીએ સં. ૧૭૮૭માં અમદાવાદમાં નાગોરી–સરાહમાં ભગવતીસૂત્રનું વાચન કર્યું; ઢુંઢક માણેકલાલને મૂર્તિપૂજક બનાવ્યા; શાંતિનાથજીની પોલમાં સહસ્રફણા બિંબની સ્થાપના કરી; સહસ્રાકૂટ જિનબિંબની પ્રતિષ્ઠા કરી. સં. ૧૭૮૫–૮૬–૮૭માં શત્રુંજય પર પ્રતિષ્ઠાઓ કરી. વળી, અમદાવાદ પધારી તે સમયે ફેલાયેલા મરકીના ઉપદ્રવમાં સમાજસેવામાં જોડાયા. અનેક વૈષ્ણવોને પ્રતિબોધીને જૈન બનાવ્યા. સં. ૧૭૯૬–૯૭માં નવાનગરમાં રહીને ઢુંઢકોને જીતીને મૂર્તિપૂજકો બનાવ્યા અને ચૈત્યોમાં બંધ પડેલી પૂજા ચાલુ કરાવી. સં. ૧૮૦૨–૩–૪માં ભાવનગર, ૧૮૦૫–૬માં લીંબડી ધ્રાંગધ્રા અને ચુડામાં પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવ્યા.

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org

સં. ૧૮૧૦માં સુરતથી કચરા કીકાના સંઘમાં શત્રુંજય પધાર્યા. તે સમયે પાલીતાણામાં શેઠ શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીની સ્થાપના કરી. સં. ૧૮૧૧માં લીંબડીમાં પ્રતિષ્ઠા કરાવી. અમદાવાદ સ્થિરતા કરી તે સમયે ગચ્છપતિએ તેઓશ્રીને વાચકપદથી વિભૂષિત કર્યા.

પૂજ્યશ્રી સં. ૧૮૧૨ના ભાદરવા માસની અમાવાસ્યાએ અમદાવાદ–ડોશીવાડાના ઉપાશ્રયમાં દેવગતિને પ્રાપ્ત થયા. તે સમયે ચોર્યાસી ગચ્છના સાધુઓ–શ્રાવકો એકત્રિત થયા હતા. પૂજ્યશ્રીના અંતિમ સંસ્કારમાં શ્રાવકોએ ઘણું દ્રવ્ય ખર્ચ્યું હતું. તેમની પાદુકા હરિયાપુરના દેરાસર સામે સ્થાપવામાં આવી છે. પાદુકાનો લેખ આ પ્રમાણે છે: 'શ્રીમદ્ જિનચંદ્રસૂરિશાળામાં શ્રી ખરતરગચ્છે સં. ૧૮૧૨ વર્ષે મહા વદિ ૯ દિને ઉપાધ્યાય શ્રી દીપચંદ્રશિષ્ય ઉપાધ્યાય શ્રી દેવચંદ્રજીના પાદુકા પ્રતિષ્ટતે.' ૬૬ વર્ષના આયુષ્યમાં, ૫૬ વર્ષના સુદીર્ઘ દીક્ષાપર્યાયમાં પૂજ્યશ્રીને હાથે શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો થયાં. ગુજરાત–સૌરાષ્ટ્રનાં વિવિધ શહેરો અને શત્રુંજય ગિરિરાજ પર અનેક પ્રતિષ્ઠાઓ કરાવી. વિવિધ પ્રદેશોમાં સતત વિહાર સાથે વિદ્યા–અર્જન અને સાહિત્ય–સર્જનની પ્રવૃત્તિઓ કરતા રહ્યા. તેના ફળસ્વરૂપે પૂજ્યશ્રીની લેખિની દ્વારા વિશ્વવોપકારક ધર્મગ્રંથોનું સર્જન થયું. તેમણે રચેલ ગ્રંથોમાં ૧. શ્રી દેવચંદ્ર સ્નાત્રપૂજા, ૨. આગમસાર, ૩. નયચંદ્રસાર, ૪. ગુરુગુણછત્રીસી, ૫. કર્મગ્રંથ ભાગ ૧ થી ૫, ૬. કર્મસંવેદ્યપ્રકરણ, ૭. વિચારરત્નસાર, ૮. વર્તમાન જિનચોવીસી આદિ મુખ્ય છે; જેની વિગતવાર વાત કરતાં તો ગ્રંથ રચવો પડે એટલી વિચારસામગ્રીથી એ ગ્રંથો શોભી રહ્યા છે. તેઓશ્રીના આ ગ્રંથો પાદરા ભંડાર, શ્રી મોહનલાલજી ભંડાર, સુરત આદિ સ્થળોએ સચવાયા છે.

સાહિત્યસર્જક ઉપરાંત તેઓશ્રી મહાતપસ્વી અને મહાન કર્મયોગી પણ હતા. દ્રવ્યાનુયોગના મહાન ઉપદેષ્ટા અને અવધાનશક્તિઓના ઉપાસક પણ હતા. કહેવાય છે કે પૂજ્યશ્રીના તપપ્રભાવે ધરણેન્દ્રે સાક્ષાત્ દર્શન દીધાં હતાં. આજે પણ એમ મનાય છે કે, તેઓશ્રી દેહવિલય પછી મહાવિદેહ ક્ષેત્રમાં કેવલી તરીકે વિચરી રહ્યા છે! એવા એ પ્રખર વિદ્વાન, મહાન તપસ્વી, ઉત્કૃષ્ટ કવિરાજ, અનન્ય આત્મજ્ઞાની, સમર્થ શાસ્ત્રવેત્તા, પ્રબળ પ્રભાવક અને પ્રભુભક્ત મુનિવરને શતશઃ વંદન!

(સંકલન: જીવણચંદ ઝવેરચંદ ઝવેરીના લેખને આધારે.)

### સુરેન્દ્રનગર શ્રીસંઘના પરમ ઉપકારી અને સિદ્ધવચની

# પૂજ્ય મુનિરાજશ્રી થોભણવિજયજી મહારાજ

સિદ્ધવચની મહાપુરુષ મુનિ શ્રી થોભણવિજયજી મહારાજ ચરમ તીર્થપતિ મહાવીરસ્વામી ભગવાનની ૭૩મી પાટે થયેલા ગચ્છાધિપતિ શ્રી મુક્તિવિજયજી (મૂલચંદજી) મહારાજ, જેઓશ્રીએ ક્રિયાશુદ્ધિ કરી અને મુનિશાખા વધારી તેઓશ્રીના શિષ્ય હતા. મુનિવર શ્રી



Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org